## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાબાજી તમે કહ્યું તેમ શ્વાસ લીધા, હાથ પગ ઊંચીનાચા કર્યા... તમારા બિસ્કીટ ખાધા, મધ ચાટ્યું... તો પણ કઠોળના ભાવ કેમ નથી ઘટતાં તેવું મારી વાઈફ તમને પૂછવા કહે છે...!!

# દંપત્તિને દમદાટી આપીને લૂંટતી નકલી પોલીસ પકડાઈ

ગાંધીનગર, તા. ૧૨

અડાલજ આસપાસના અવાવરૂ વિસ્તારમાં ઉભા રહેલા કપલો નકલી પોલીસના નિશાન પર



કાયમ હોય છે. ત્યારે આ વિસ્તારમાં પોલીસની ઓળખ આપીને દમ મારી કપલને લુંટી લેતી ગેંગના બે સાગરીતો અડાલજ પોલીસના સકંજામાં આવી ગયા છે. આ વિસ્તારમાં ગેંગે સાત-આઠ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત બંને સાગરીતો કરી રહ્યા છે. જો કે કેટલાક કપલ બદનામ થવાના ડરે પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યા નથી. પોલીસે બંનેની ધરપકડ કરી ઈન્ટ્રોગેશન માટે રિમાન્ડ મેળવવા

**એક દંપતીને બે દિવસ પહેલા અમીયાપુર બસ સ્ટેન્ડ પાસે લુંટી લીધા હતા : ચાંદખેડાના બંને નકલી પોલીસની ધરપકડ : ૩ દિના રિમાન્ડ પર**

કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. બીજા સાગરીતોના પણ નામ ખુલે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

બે દિવસ પહેલા નકલી પોલીસે અમીયાપુર બસ સ્ટેન્ડ પાસે બાઈક પર બેસેલા કપલને લુંટ્યા હતા જો કે આ વાસ્તવમાં પતિ-પત્નિ જ હતા. દંપતીને પોતાના લગ્નના ફોટો બતાવવા પરીવાર સાથે વાત કરાવવાનું કહીને ધમકાવી મોબાઈલ ઝુંટવી લીધો હતો જો કે પતિએ પ્રતિકાર કરીને મોબાઈલ પરત ખેંચી લેતા ધક્કો મારીને છરી બતાવી લેડીઝ પર્સ લુંટી પલ્સર પર આવેલા બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે મહિલાએ રૂ. ૧૫૦૦ ભરેલુ પર્સ લુંટી ગયા અંગે ફરીયાદ નોંધાવતા અડાલજ પોલીસે ગુનો નોંધી ઈન્વેસ્ટીગેશન શરૂ કરી દીધુ હતુચ ડીસ્ટાફ પીએસઆઈ પી.સી. સરવૈયા તથા એએસઆઈ કાનજીભાઈ, હે.કો. અમૃતભાઈ, પોલીસ કોન્સ્ટેબલ ભરતસિંહ, પદમસિંહ અને જયરાજસિંહ તથા યોગેન્દ્રસિંહ સહિતની ટીમે ચાંદખેડા આઈઓસી રોડ વિસ્તારમાં રહેતા બંને લુંટારૂ નકલી પોલીસને બાતમીને આધારે દબોચી લીધા છે. સુશિલ રામકિશન ચૌહાણ અને સંજય કનુ પરમારની ધરપકડ કરી પુછપરછ શરૂ કરતા સાત-આઠ ગુના આચર્યા હોવાનું ખુલ્યુ છે. તેનો મુદ્દામાલ પણ રીકવર કરવાની કામગીરી ચાલી રહી છે. જો કે કેટલાક ગુનાઓમાં ફરીયાદ દાખલ કરવા માટે કપલ આવ્યા ન હોવાનું ધ્યાને આવ્યું છે.




વધુ કેટલાક સાગરીતોના નામ ખુલે તેવી શક્યતા વર્તાઈ રહી છે. બંને શખ્સોના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થવા પામ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બળવાખોરો સામે કરાયેલી પક્ષાંતર ધારાની અરજી પરની સુનાવણી આજે આગળ ચાલશે.

● બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણી ઘેર ઘેર જન્મોત્સવ મનાવીને કરાઈ રહી છે.

● રાજય સરકારના કર્મચારીઓની જીપીએફની સ્લીપોનું વિતરણ આજથી જે તે કચેરીમાં શરૂ થશે.

● ગાંધીનગરના રાજકીય આગેવાનો આજે મિત્ર મંડળના રાજકારણમાં વધુ સક્રિય દેખાયા હતા.

● એમ.એસ. બિલ્ડીંગમાં ગ્રીલીંગનું કામ તેમજ બારીઓની મરામતનું કામ ઝડપથી હાથ ધરવા મનપાએ માર્ગ મકાન વિભાગને પત્ર લખી જણાવ્યું છે.

● સે-૧૯ના જીમખાના ખાતે આવેલ સ્વીમીંગ પુલમાંથી જાણીતા એડવોકેટ શ્રીમતી જયશ્રીબેન બારોટને સોનાની ચેઈન મળતાં તેમણે તાત્કાલિક જીમખાના સત્તાવાળાઓને સોંપી દીધી હતી.

● ગાંધીનગર અમદાવાદ વચ્ચેની એસ.ટી. બસ સેવાઓની ફ્રિકવન્સી બાબત પુનઃ વિચાર કરી નવું સમયપત્રક બનાવવું જોઈએ તેવી તીવ્ર માંગ ઉઠવા પામી છે. બસો સમયસારણીમાં દર્શાવેલા સમય પ્રમાણે નહિ દોડતી હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે.

● સચિવાલય સંકુલમાં આવેલી ન્યુ ક્રેડિટ સોસાયટીના ઉમેદવારો દ્વારા પ્રચાર અભિયાનના શ્રી ગણેશ કરાયા છે.

# સિવિલ હોસ્પિટલમાં એક શીફટમાં બે પોલીસ જવાન મુકવા માંગ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી બાર કલાકની એક શીફટમાં એક જ પોલીસ જવાન ફરજ બજાવે છે. પહેલા માત્ર ત્રણ માળની જ હોસ્પિટલ હતી જેમાં કામનું ભારણ પણ નહીવત રહેતું હતું. જયારે મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ બનતા કામનું ભારણ વધવા લાગ્યું છે. જેને અનુલક્ષી એક શીફટમાં ફરજ બજાવતા એક પોલીસ જવાનની જગ્યાએ બે જવાન મુકવા માંગ કરાઈ છે.

હોસ્પિટલમાં અકસ્માત કે સંલગ્ન ઘટનામાં ઈજા પામેલા દર્દીની નોંધ કરીને જે તે પોલીસને જાણકારી આપવાની કામગીરી પોલીસ જવાનની હોય છે. અત્યારે હાલના સમયે પાંચ માળની ઓપીડી અને ઈન્ડોર દર્દી માટે આઠમાળની ઈમારત તૈયાર કરાઈ છે. હોસ્પિટલ અત્યંત આધુનિક અને હાઈટેક બની જવા પામી છે. જેને પગલે દર્દીઓને મળતી પ્રાથમિક સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે.

આજના સમયમાં ગાંધીનગર શહેર-જિલ્લા સહિત આસપાસમાંથી પણ મોટીસંખ્યામાં અકસ્માત, કે અન્ય ઘટનામાં ઈજા પામેલા દર્દીઓ આવે છે. જેની નોંધ કરીને લાગતા વળગતા પોલીસ સ્ટેશનને જાણકારી આપવાની જવાબદારી પોલીસ જવાન નિભાવે છે. પરંતુ પહેલા માત્ર ૩ માળની હોસ્પિટલ હતી જેમા કામનું ભારણ પોલીસ જવાનને નહીવત રહેતું હતું. ત્યારથી ૧૨ કલાકની એક શીફટમાં માત્ર એક જવાન ફરજ બજાવે છે.જયારે અત્યારે હાલ પરિસ્થિતિ બદલાઈ જવા પામી છે. રોજના અસંખ્ય દર્દીની નોંધ કરી પોલીસ સ્ટેશનને જાણ કરવાની હોય છે તેમજ સિવિલ તંત્રએ પણ કેટલીક વધારાની જવાબદારી જવાનના માથે સોંપી દીધી છે. સિવિલમાં દર્દીઓનો ધસારો સતત જોવા મળે છે કામનું ભારણ વધતા એક પોલીસ જવાનની જગ્યાએ બે જવાન મુકવા માંગ કરાઈ છે અથવા આઠ આઠ કલાકની ત્રણ શીફટમાં પોલીસ જવાન મુકવા માંગ કરાઈ છે.

## અમરેલીના અકસ્માતમાં મૃતક પરિવારોને ચાર લાખની સહાય

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગઈ રાત્રે અમરેલી જિલ્લાના લાઠી-ચાવડ માર્ગ પર રિક્ષા-ટ્રક વચ્ચે થયેલા માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા કમનસીબ ૧૨ નાગરિકોના પ્રત્યેકના વારસદારને રૂ. ૪ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવાની જાહેરાત કરી છે.

## પિયજમાં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

કલોલ તાલુકાની પિયજ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પિયજ અને પ્રગતિનગરના બાળકોને આંગણવાડીમાં અને ધોરણ-૧માં મહેમાનોના હસ્તે પ્રવેશકીટ આપવામાં આવી હતી. તેમજ ૯૨ વર્ષના વયોવૃદ્ધ વડીલ ભવાનજી ઠાકોર, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ તાલુકા પંચાયતના સદસ્ય તરીકે કાર્ય કરનાર ગાડાંજી માસંગજી ઠાકોરનું સન્માન કરવામાં આવ્યુંહતું. સરપંચ કિર્તીકુમાર લેઉવાએ આચાર્ય મહેલુકુમાર કવિ અને શાળા પરિવારને શાળાના વિકાસ માટે બિરદાવ્યા હતા. અને વાલીઓ વૃક્ષારોપણના કાર્યમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે અલ્પાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર પાણી પુરવઠા વિભાગના આઠ કર્મચારી નશામા ધૂત છાપરી ચેકપોસ્ટ પાસેથી ઝડપાયા

## કર્મચારીઓએ કોન્ટ્રાક્ટમાં બાંધેલી સરકારી ગાડીનો દારૂ પીવા ઉપયોગ કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર પાણી પુરવઠા વિભાગની કચેરીમાં કામ કરતા આઠ ઈસમો દારૂના નશામાં ધૂત બની બોલેરો કારમાં સવાર થઈ છાપરી ચેકપોસ્ટ પાસેથી પસાર થતા હતા ત્યારે અંબાજી પોલીસે નશામાં ધૂત તમામને ઝડપી પાડ્યા હતા અને આઠેય વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અંબાજી પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.એસ. વરૂ તથા સ્ટાફના કર્મીઓ છાપરી પોલીસ ચેકપોસ્ટ પાસે વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન છાપરી ચેક પોસ્ટ પાસેથી ગર્વમેન્ટ ઓફ ગુજરાત લખેલી બોલેરો ગાડી નં. જીજે-૧૮.એ-૬૫૧૮ પસાર થઈ રહી હતી.



જેમાં ગાંધીનગર પાણી પુરવઠા વિભાગના આઠ કર્મચારીઓ નશામાં ધૂત બની બેઠા હતા. આથી પોલીસે સરકારી બોલેરો ગાડી અટકાવી ચાલક જસુભાઈ એ. ગોસ્વામીની પુછપરછ કરી હતી અને તમામ નશામાં જણાતા તમામ વિરૂદ્ધ એમ.વી. એક્ટ અને પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ એસ.એસ. વરૂ ચલાવી રહ્યા છે.

# પ્રદેશ કોંગ્રેસ સંગઠનને વધુ મજબુત બનાવાશે

ગાંધીનગર, તા. ૧૨

૨૦૧૭માં આવનાર ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે તૈયારી શરૂ કરી છે અને તેના ભાગરૂપે ૧૧ જિલ્લાના જિલ્લા પ્રમુખો બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત કોંગ્રેસ સંગઠનને મજબૂત બનાવવા મહિનામાં જ જિલ્લા કોંગ્રેસ સમિતિઓમાં બાકી રહેલી નિમણુંકોની પ્રક્રિયા પૂર્ણ કરાશે જેમાં મહિલાઓ અને યુવાનોને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. કોંગ્રેસના જવાબદાર કાર્યકર તરીકે આપણો એક જ નિર્ધાર ૨૦૧૭ની ચૂંટણી જીતવાનો હોવો જોઈએ તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહે પ્રદેશના પદાધિકારીઓ, જિલ્લા પ્રમુખો, જિલ્લા પંચાયતના પ્રમુખો, ઉપ પ્રમુખો, કારોબારી અધ્યક્ષો તથા પંચાયત મહાપાલિકાના પક્ષના નેતાઓને બેઠક સંબોધી હતી.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ હાઈકમાન્ડે ૪૧ જિલ્લા મહાનગરોમાં નિરીક્ષકોની વરણી કર્યા બાદ હવે એક સપ્તાહમાં અમદાવાદ રાજકોટ અને વડોદરા મહાનગરોના પ્રમુખ તેમજ ૧૧ જિલ્લાના પ્રમુખો બદલી નવા ચહેરાની નિમણુંકો જાહેર કરવામાં આવશે. કોંગ્રેસ હાઈકમાન્ડ સમક્ષ પ્રદેશના સંગઠન માળખાને વધુ મજબૂત અને સક્રિય કરવા તેમજ યુવા પ્રતિભાશાળી ચહેરાઓને સ્થાન આપવા માટે રજુઆતો થવા પામી છે. આ રજુઆતોને ધ્યાને રાખી ૧૧ જિલ્લાના પ્રમુખોની વરણી નવેસરથી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# આંગળીના ટેરવે સરકાર : મોબાઈલમાં સરકારી સર્વિસનો લાભ આપવામાં ગુજરાત સાતમા ક્રમે

ડિજીટલ ગુજરાત, ગતિશીલ ગુજરાત અને વાઈફાઈ ગુજરાતની વાતો કરતી ભાજપની સરકાર માટે દિલ્હી હજી દૂર છે. સરકારે જાહેરાત કરી હતી કે ગુજરાત સરકારની સઘળી સુવિધાઓ અને સેવાઓ આંગળીના ટેરવે એટલે કે મોબાઈલ ગવર્નન્સથી સજ્જ બની છે, જ્યારે જમીની હકીકત જુદી છે. મોબાઈલમાં સરકારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત અતિ પછાત છે. ભારત સરકારે વિવિધ સેવાઓને લગતા ૧૩૫.૦૪ કરોડ મોબાઈલ મેસેજ લોકોને મોકલ્યા છે, જ્યારે ગુજરાતે માત્ર ૧.૭૬ કરોડ મેસેજ મોકલ્યા છે. ગુજરાતની સરખામણીએ આંધ્રપ્રદેશે ૮.૧૯ કરોડ, કેરાલાએ ૪.૨૦ કરોડ, તેલંગાણાએ ૩.૬૭ કરોડ, છત્તીસગઢે ૩.૪૮ કરોડ અને તામિલનાડુએ ૨.૦૮ કરોડ મેસેજ મોકલ્યા છે. ગુજરાતનો સાતમો નંબર છે. રાજ્યમાં યુવાનોને નોકરી આપતા ઓજસ સેવાના માત્ર ૫૬.૪૪ લાખ મેસેજ મોકલવામાં આવ્યા છે. ઈ-લેન્ડ સેવાના ૩૮.૮૯ લાખ અને પીડીએસના ૩૬.૫૪ લાખ મેસેજ થયા છે. સ્કીલ ડેવલપમેન્ટની વાતો થાય છે પણ મેસેજ માત્ર બે લાખ થયા છે. ગુજરાતનું સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ તેની નબળી કામગીરી માટે જાણીતું બન્યું છે.

**● મોદી માટે રાજ્યસભાની સ્થિતિ હજી પણ જોખમી છે...**

રાજ્યસભાની ખાલી પડેલી ૫૭ બેઠકોના પરિણામ પછી પણ ભાજપ કે એનડીએ શાસનને ખાસ કોઈ ફાયદો થયો નથી. લોકસભામાં નરેન્દ્ર મોદી ભલે બહુમતમાં હોય, રાજ્યસભામાં આજેપણ કોંગ્રેસ એક્કો છે. કુલ ૨૪૫ બેઠકો પૈકી એનડીએ પાસે ૬૭ બેઠકો થાય છે, જ્યારે કોંગ્રેસ અને યુપીએ પાસે ૭૦ બેઠકો છે. એ ઉપરાંત નોન-બીજેપી પાટીઓ અને ખાસ કરીને તીન દેવિયા- જયલલીથા, માયાવતી અને મમતા બેનરજીનો હિસ્સો પણ મોટો છે. ભાજપની વ્યૂહરચના આ ઈલેક્શનમાં કામ આવી નથી. લોકસભામાં મોદી સરકારને કોઈ બીલ પાસ કરવું હોય તો રાજ્યસભાની મંજૂરી પણ જરૂરી છે અને તેના માટે બહુમત પણ જોઈએ, પરંતુ કોંગ્રેસના સભ્યો મોદી સરકારના બીલ પાસ નહીં કરીને અકળાવે છે. જીએસટીમાં વિલંબનું કારણ પણ મોદીનો રાજ્યસભામાં પનો ટૂંકો પડે છે તે છે.

**● માતા સોનિયાની પુત્ર રાહુલને બર્થ-ડે ગિફ્ટ મળશે...**

ગુજરાત કોંગ્રેસમાં ધરખમ ફેરફારો આવી રહ્યાં છે. દેશમાં તૂટતી જતી કોંગ્રેસને બચાવવા કોઈ મસિહા આવવાના નથી પરંતુ કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીના હાથમાં પાટીની કમાન સોંપવાની તૈયારી ચાલી રહી છે. કહે છે કે એક માતા તેના બાળકને જન્મદિનની જે ગિફ્ટ આપે તે અણમોલ હોય છે. આવી જ અણમોલ ગિફ્ટ આપવા માતા સોનિયા તૈયાર થયા છે. તેઓ તેમના પુત્ર રાહુલને તેના ૧૯મી જૂને આવી રહેલા બર્થ-ડે પર કોંગ્રેસના નેશનલ પ્રેસિડેન્ટનું પદ આપી આ સર્વોચ્ચપદની તાજપોશી કરવા માગે છે. આ નિયુક્તિમાં કોંગ્રેસનું મોવડીમંડળ અને બહેન પ્રિયંકા ગાંધી પણ એટલા જ ઉત્તેજીત છે. કોંગ્રેસમાં જો યુવાનોની ટીમ કામે લાગે તો પાટીની દિશા બદલાઈ શકે છે તેવું માનતો એક વર્ગ તો એવું ઈચ્છે છે કે પ્રિયંકા ગાંધીએ સક્રિય રાજકારણમાં આવીને ૨૦૧૯ની લોકસભા માટે તૈયારી શરૂ કરી દેવી જોઈએ. આમ પણ રાહુલ ગાંધી ૪૬ વર્ષના તો થયા છે.

**સચિવાલય નિરસ બનતું જાય છે, પાડોશી રાજ્યો વધુ પારદર્શક બન્યા**

**● સચિવાલયની ગતિવિધી નિરસ બનતી જાય છે...**

હંમેશા ઓફિસરો અને મુલાકાતીઓથી ધમધમતું ગાંધીનગરનું સચિવાલય નિરસ બનતું જાય છે. સચિવાલયમાં મિટીંગનો મહિમા એટલો લાંબો ચાલે છે કે અમલીકરણનો તબક્કો પાછળ ધકેલાતો જાય છે. પેન્ડીંગ અને ચર્ચા જેવા શબ્દોથી સરકારી ફાઈલોના કાગળો ભરાઈ ચૂક્યાં છે. નિર્ણયશક્તિ નહીં હોય તો કોઈ કામ સમયસર થવાના નથી. ફાઈલો પેન્ડીંગ મૂકી રાખવાના એક નહીં અનેક કારણો હોય છે. એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે સચિવાલયમાં નિયમસરના કે કાયદેસરના કામોમાં અક્ષમ્ય વિલંબ થાય છે, જ્યારે ગેરકાયદે અને અટપટાં કામો ઝડપથી પૂરાં કરવામાં આવે છે. જો આ નિતી રહી તો પ્રામાણિકતાથી કામ કરાવવા આવતા મુલાકાતી તેમજ અરજદારોનો સરકાર પરથી વિશ્વાસ ઉઠી જશે.




**● સસ્પેન્સઃ કોંગ્રેસની વોટબેન્ક કેવી રીતે સરકી ગઇ...**

પહેલાં ગુજરાતમાં અને હવે આખા દેશમાં કોંગ્રેસની વોટબેન્ક કેવી રીતે સરકી ગઈ તેવા સવાલનો જવાબ ભાજપના ગુજરાતના એક સિનિયર નેતાએ આપ્યો છે, જે ઘણો ચોંકાવનારો છે. ગુજરાત કોંગ્રેસ વર્ષોથી અંધારામાં રહી છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહે મતદારો પ્રાપ્ત કરવા જ્ઞાતિઓને તો વશમાં કરી છે પરંતુ સાથે સાથે જે તે જ્ઞાતિ પર પ્રભુત્વ હોય તેવા ધાર્મિક લિડરો પાસે ઘૂંટણિયા ટેકવ્યા છે. ગુજરાતમાં આસારામ બાપુ, સ્વાધ્યાય પરિવાર, મોરારીબાપુ, શ્રીશ્રી રવિશંકર, બાબા રામદેવ, અન્ના હજારે અને તેમના જેવા સંપ્રદાયના શ્રેષ્ઠીઓને આગળ કરીને તેમના સમર્થકોને અંકે કર્યા છે. ભારતમાં જેટલા મોટા સંપ્રદાય છે તેની જીણવટભરી માહિતી પીએમઓને મળી રહી છે જેના આધારે પીએમઓ એ તાજેતરમાં જ ગાયત્રી પરિવારનો સંપર્ક કર્યો હતો. આ પરિવારમાં બાર કરોડથી વધુ સમર્થકો હોવાની માહિતી મળતાં પ્રણવ પંડ્યાને રાજ્યસભાની બેઠક ઓફર કરવામાં આવી હતી પરંતુ પંડિત શ્રીરામ શર્માએ ઉભા કરેલા આ મહાન પરિવારમાં મોદી સરકારનો ગજ વાગ્યો નથી અને પ્રણવ પંડ્યાએ સસ્નેહ ઓફરનો અસ્વિકાર કરી દીધો હતો.

**૧૫ વર્ષથી કોંગ્રેસ અંધારામાં રહી અને મોદી ચૂપચાપ કામ કરતા રહ્યાં**

**કોંગ્રેસ પાટીમાં 'પરિવર્તનનો પવન' ૧૯મી જૂનથી શરૂ થવાના એંધાણ**

**● પાડોશી રાજ્યો વધુ પારદર્શક બનતા જાય છે...**

ગુજરાતના પાડોશી રાજ્યોમાં ફાઈલ નિકાલની સિસ્ટમ એટલી ઝડપી છે કે અરજદારોને ધક્કા ખાવા પડતા નથી. ઉદ્યોગ વિભાગની ફાઈલને સાત દિવસ કરતાં વધુ સમય સુધી મુકી રાખવામાં આવતી નથી કે તે ફાઈલ પર પેન્ડીંગ લખવામાં આવતું નથી. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને હવે રાજસ્થાન ટોચક્રમે છે. ગોવામાં પણ સરકાર રિયલ સેન્સમાં ગતિશીલ બની છે. ગુજરાતમાં ગતિશીલ સરકાર નામ આપવામાં આવ્યું છે પરંતુ સરકારી બાબુઓ કામમાં ઝડપ કરે અને નીચેની સ્તરથી ફાઈલમાં પેન્ડીંગ લખાયેલું ન આવે તો તે સાર્થક બની શકે છે. એક ઓફિસર બે વિભાગોના ચાર્જમાં હોય તેવા સંજોગોમાં બન્ને વિભાગોના કામો પર માઠી અસર થાય છે. એવામાં જો ઓફિસરની બદલી થાય તો અરજદારને એકડો ઘૂંટવો પડે છે. કહેવાય છે કે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ માત્ર સાત દિવસમાં જ ઔદ્યોગિક એકમની ફાઈલ વિવિધ મંજૂરીઓ સાથે ક્લિયર કરી દેતા હોય છે.

**● ૮મી વાયબ્રન્ટ સમિટમાં મોદી બીજીવાર મહેમાન...**

ગુજરાત સરકારની આઠમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી બીજીવાર મહેમાન બનીને આવશે. તેઓ ૨૦૧૫માં પણ ગુજરાતના મહેમાન બન્યા હતા. રાજ્યના મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલે આઠમા વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ની મુખ્ય થીમ "ગુજરાત કનેક્ટિંગ ઈન્ડિયા ટુ વર્લ્ડ" રાખી છે. ૧૧ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૭ દરમ્યાન મહાત્મા મંદિરમાં યોજાનારી આ સમિટ આ વખતે પણ મૂડીરોકાણનો વિક્રમ સર્જે તેવી સંભાવના છે. ઉદ્યોગ વિભાગ કહે છે કે રાજ્યમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ ઉદ્યોગોની સંખ્યા ૩.૭૬ લાખ જેટલી છે. નવી ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ સ્કીમમાં બીજા નવા ૪૨,૮૦૦ ઉદ્યોગો નોંધાયા છે જે પૈકી ૩૩,૦૦૦ માઈક્રો, ૯૫૦૦ સ્મોલ અને ૪૩૦ મિડીયમ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ૨૦૦૩ પછી પ્રતિ બે વર્ષે યોજાતા વાયબ્રન્ટમાં આ સેક્ટરનો ફાળો સવિશેષ જોવા મળતો હોય છે.

**● પાસપોર્ટ સુવિધા ઓનલાઇન છતાં ૨૭ દિવસ...**

પાસપોર્ટ બનાવવાની ખ્વાઈશ પ્રત્યેક મધ્યમવર્ગના પરિવારની હોય છે પરંતુ પાસપોર્ટ માટે પોલીસ વેરિફિકેશન ઝડપથી થતું નથી પરિણામે અરજદારોના ધક્કા વધી જાય છે. સ્માર્ટ ગુજરાતમાં આજેપણ પોલીસ વેરિફિકેશનમાં ૨૭ દિવસ લાગે છે. આખા ભારતમાં ગુજરાતનો નંબર ૧૦મો આવે છે. સૌથી ઓછા ૧૨ દિવસ દિલ્હીમાં થાય છે. જો કે આસામ જેવા પછાત રાજ્યમાં પોલીસ વેરિફિકેશનમાં ૨૬૫ દિવસ જેટલો સમય જાય છે. પરફોર્મન્સ ઓડીટ ઓન ઈમ્પ્લિમેન્ટેશન ઓફ પાસપોર્ટ સેવા પ્રોજેક્ટના એક રિપોર્ટમાં ૩૫ રાજ્યો અને કેન્દ્રીશાસિત પ્રદેશોની સ્થિતિનું વર્ણન છે. દેશના સાત રાજ્યો એવાં છે કે જ્યાં પાસપોર્ટ બનાવવામાં પોલીસ વેરિફિકેશનનો સમય એકંદરે ૧૦૦ દિવસ થાય છે. ખાસ કરીને પૂર્વોત્તર પ્રદેશના રાજ્યોમાં સમાવેશ થાય છે કે જ્યાં આટલો વિલંબ થાય છે.

**● આદિવાસી વિસ્તારો આજે પણ હિન્દુનો ગઢ...**

ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદ ધર્માંતરણના મુદ્દે કાગારોળ મચાવે છે તેવા આદિવાસી વિસ્તારની અસલી હકીકત જુદી છે. ખુદ કેન્દ્ર સરકારે જાહેર કરેલા આંકડા પ્રમાણે ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં સૌથી વધુ ૮૭.૪૭ લાખ હિન્દુ છે. ક્રિશ્ચિયન ધર્મ સ્વિકાર્યો છે તેવા લોકોની સંખ્યા માત્ર ૧.૨૧ લાખ છે. જો કે નોંધપાત્ર બાબત એવી છે કે ક્રિશ્ચિયન વસતીમાં સૌથી વધુ મહિલાઓ છે. આ જિલ્લાઓમાં ૫૯૩૬૫ પુરૂષ સામે ૬૧૪૧૨ મહિલાઓ છે. આદિવાસીના નામે મતબેન્કનું રાજકારણ ખેલવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં ડાંગ જેવા જિલ્લાઓમાં ધર્માન્તરણના મુદ્દે તોફાનો થયેલા છે. કેન્દ્રની મોદી સરકારના જ આંકડા હકીકત બતાવે છે કે આ વિસ્તારોમાં સૌથી વધુ હિન્દુ વસતી છે. ત્રીજાક્રમે ૩૪૬૧૯ સાથે મુસ્લિમ ધર્મ આવે છે. આ વિસ્તારોમાં શીખ, બૌદ્ધ, જૈન અને અન્ય ધર્મના લોકો વસે છે. આશ્ચર્યની બાબત એવી છે કે ૭૪૮૯ લોકોને કોઈ ધર્મ નથી.